Australian Government
Department of Home Affairs

# મફત દુભાષિયા સેવાઓ

## COVID-19ના કારણે સેવાઓમાં આવેલ પરિવર્તન

COVID-19ની પરિસ્થિતીમાં અંગ્રેજી ના આવડતું હોય અથવા ઓછું આવડતું હોય તેવા લોકો માટે ગુણવત્તા સભર દુભાષિયા સેવાનો ઉપયોગ અતિ આવશ્યક છે.

જ્યાં પણ ઉપલબ્ધ હોય ત્યાં લોકોએ દુભાષિયા સેવાઓનો ઉપયોગ કરવો જોઇએ.

**COVID-19** અને તેના લક્ષણો વિશે જાણો.

## મફત દુભાષિયા સેવાઓ શું છે?

તમને મફત દુભાષિયા સેવા મળી શકે છે, જો તમે:

- ઓસ્ટ્રેલીયામાં છો
- Medicare કાર્ડ ધરાવો છો; અને
- અંગ્રેજીમાં તમારું ભાષા કૌશલ આછું છે

## હું મફત દુભાષિયા સેવા કેવી રીતે મેળવી શકું?

તમારા વતી નીચેના સેવા પ્રદાતાઓ મફત દુભાષિયા સેવા મેળવી શકે છે:

- ખાનગી તબીબી વ્યવસાયી
- ફાર્મસિસ્ટ
- બિન-સરકારી સંસ્થાઓ
- સ્થાવર મિલકત એજન્સીઓ
- સ્થાનિક સરકારનાં અધિકારીઓ, જેમકે સ્થાનિક કાઉન્સિલ
- વ્યાપારી સંગઠન; અને
- સંસદ સભ્યો.

આ સેવાઓ વિશે વધુ માહિતી માટે, **અહીં** જોશો.

તમને માહિતી અને સલાહ તમારી ભાષામાં મળી રહે તે માટે આ સેવા પ્રદાતાઓ થોડી જ મિનિટોમાં ફોન પર દુભાષિયાનો સંપર્ક કરાવી શકે છે.

## દુભાષિયા

અનુવાદકો અને દુભાષિયાઓને માન્યતા આપતી રાષ્ટ્રીય સત્તા (એનએએટીઆઇ) દ્વારા પ્રમાણિત દુભાષિયાનો ઉપયોગ કરવામાં આવે છે. દુભાષિયાઓ વ્યવસાયની નૈતિક સંહિતાથી બંધાયેલા હોય છે, કે જે પ્રમાણે તેમણે:

- સાચું અને પ્રામાણિક ભાષાંતર કરવાનું હોય છે
- ગુપ્તતા જાળવવાની હોય છે
- નિષ્પક્ષ અને તટસ્થ રહેવાનું હોય છે; અને
- બધા જ સમયે વ્યવસાયિક વર્તન કરવાનું હોય છે.

મફત દુભાષિયા સેવાની નીતિ છે કે, જે સૌથી ઉચ્ચ કક્ષાના પ્રમાણિત દુભાષિયા ઉપલબ્ધ હોય તેમની સેવા લેવી. આ કારણથી કોઇ ચોક્કસ દુભાષિયાની સેવાની માંગને પ્રોત્સાહન આપવામાં આવતું નથી.

## એફઆઇએસ શું સેવાઓ આપે છે?

- તાત્કાલીક ફોન દુભાષિયા સેવા. પહેલેથી નક્કી ન હોય તેવી દુભાષિયા સેવા માટે આ ખૂબ જ ઉપયોગી સેવા છે અને તે:
    - ૧૬૦થી વધુ ભાષાઓમાં ૩,૦૦૦થી વધુ દુભાષિયા ઉપલબ્ધ કરાવે છે
    - દિવસનાં ૨૪ કલાક, અઠવાડિયાના ૭ દિવસ દુભાષિયા સેવા પૂરી પાડે છે
    - ફોન કર્યાની થોડી જ મિનિટોમાં દુભાષિયા જોડે સંપર્ક કરાવી શકે છે.
- પહેલેથી નોંધાવેલ ફોન દુભાષિયા સેવા.
    - તે પહેલેથી યોજના કરેલ દુભાષિયા સેવા માટે, અથવા જો તમારે ઓછી માંગ હોય તેવી ભાષાની જરૂર હોય તેના માટે છે.